# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

## નંબર વિ.શા./બોરવેલ જાહેરનામું/ઓ.એસ. સેકશન/૬૭/૨૦૧૪

હુકમ :-

અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર હદ વિસ્તારમાં ખેતીના ઉપયોગ માટે ખેડુતો દ્વારા તેમજ અન્ય કારણોસર લોકો દ્વારા બોરકુવા ખોદવામાં આવે છે આવા બોરકુવા અને કેટલાંક કારણોસર પાણી મળી ન આવતા, અથવા રદ બાતલ થઇ જતા બોરકુવા, પાઇપ લાઇન બંધ કર્યા સિવાય આવા બોરકુવા ખોદાવનાર માલીકો જે તે હાલતમાં ખુલ્લા છોડી દે છે અને આવી બેદરકારીને કારણે નાના બાળકો કેટલીક વાર આ ખુલ્લા છોડી દિધેલ બોરકુવાના પાઇપમાં આકસ્મિક રીતે પડી જતાં બાળકોના જીવલેણ અકસ્માત થતાં આવ્યા છે. જે ઘણી જ ગંભીર બાબત છે. આમ આવા નાના બાળકો જીવલેણ અકસ્માતનો ભોગ ન બને તે આશયથી ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૬૪ (ગ) તથા ૬૬ (જ) ની જોગવાઇ હેઠળ આવા બનાવોમાં બને તેટલાં પ્રયત્નો કરી આવા કૃત્યોને રોકવા અંગે તેમજ લોકોને કોઇ પણ અકસ્માત કે જોખમ થતું અટકાવવા પોતાનાથી બનતા ઉપાય લેવા અંગેની ફરજ અને અધિકાર મુજબ સલામતી અને બાળ મૃત્યુના બનાવો અટકાવવા થોડા નિયંત્રણો મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું શિવાનંદ ઝા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરુ છું કે, સમગ્ર અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં

(૧) જે તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલાં ૧૫ દિવસ અગાઉ કલેક્ટરશ્રી/જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી કે મ્યુનીસીપાલીટીના કમિશ્નરશ્રી અથવા ભુગર્ભ જળ વિભાગ કે ગામના સરપંચ જેવી સ્થાનિક ઓથોરીટીને લેખિતમાં તે અંગેની જાણ જમીન માલીક/બોર માલીક તથા બોર બનાવતી એજન્સીએ કરવાની રહેશે.

(૨) દરેક બોર બનાવનાર સરકારી કે અર્ધસરકારી કે પ્રાઇવેટ સંસ્થા હોય તેનું રજીસ્ટ્રેશન કરાવવાનું ફરજ્યાત રહેશે અને તેમની પાસે જ બોર બનાવવાનો રહેશે.

(૩) બોર બનાવતી વખતે ખોદકામ કરનાર ડ્રીલીંગ એજન્સી તથા વાપરનાર કે તેના માલિકના સંપુર્ણ નામ સરનામાંનું બોર્ડ બનાવી બોરવેલ નજીકની જગ્યાએ મુકવાનું રહેશે.

(૪) બોરની આજુબાજુ ૦.૫૦×૦.૫૦×૦.૬૦ મીટર સિમેન્ટ કોક્રીટથી પ્લેટફોર્મ (૦.૩૦ મીટર ભોંયતળીયાથી ઉપર × ૦.૩૦ મીટર ભોંયતળીયાથી નીચે) એ રીતનું બનાવવાનુ રહેશે.

(૫) બોરવેલ બનાવતી વખતે કોઇ જાનહાની થાય નહી તેમજ અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલાં જેવા કે, બોરવેલને ફરતી મજબુત ફેન્સીંગવાડ/દિવાલ બનાવવાની રહેશે.

(૬) જુના તથા બંધ પડેલ પંપ રીપેર કરાવતી વખતે પણ બોરને મજબુત ઢાકણું સ્ટીલ પ્લેટનું નટ બોલ્ટ સાથેનું લગાડવાનું રહેશે.

(૭) જે બોરવેલનો ઉપયોગ બંધ કરવામાં આવે તેવા બોરવેલને ખુલ્લો છોડવો નહી પરંતુ બોરવેલના ખાડાને માટીથી સંપુર્ણ પુરી દેવાનો રહેશે.

(૮) બોરનુ ખોદકામ પુર્ણ થયાબાદ તુરત જ બોરવેલને ચેનલથી ફીટ કરી માટી, પથ્થર તથા કોંક્રીટનુ કામ કરાવી લેવું. તથા બાકીનું કાદવ તથા સાધનો દુર કરાવી લેવા.

આ હુકમ તા.૦૫.૦૯.૨૦૧૪ થી તા.૦૩.૧૧.૨૦૧૪ સુધી (બંન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતા સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઇ આથી એકતરફી હુકમ કરુ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૩ . ૮ -૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર